GJAN050010642024

રજુ કર્યા તારીખ :	૧૬/૦૫/૨૦૨૪		
દાખલ તારીખ :	૧૬/૦૫/૨૦૨૪		
ફેંસલ તારીખ :	૨૯/૦૫/૨૦૨૬		
સમય મર્યાદા :	વર્ષ	માસ	દિવસ
	૦૨	૦૦	૧૩

મહે. ખંભાતના એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં
મું. ખંભાત

ફોજદારી કેસ નં.૬૪૭/૨૦૨૪
આંકઃ

`ફરિયાદી :- જયદિપ ભગવતીલાલ પંચાલ.

ઉ.વ.૨૩, ધંધો. અભ્યાસ/ઓનલાઇન વર્ક,
રહે.નાનું ફળિયું, મોચીવાડ, મું. ખંભાત,
તા.ખંભાત, જી.આણંદ.

વિરુધ્ધ

આરોપી :- પિયુશભાઇ ભાષ્કરભાઇ પટેલ.

ઉ.વ.૩૫, ધંધો. વિઝા અપાવવાનું,
રહે. મું. સોજીત્રા ઠે. ભુદરજીની ખડકી ,
તા.સોજીત્રા, જી.આણંદ.

વિષય : ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબ.

======================================

ફરિયાદપક્ષ તરફે વિધ્વાન વકિલશ્રી એમ.એમ.શેખ.

આરોપીપક્ષ તરફે વિધ્વાન વકિલશ્રી એમ.જે.ધોબી.

======================================

-:: ચુ કા દો::-

(૧) ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકિકત એવી છે કે, આરોપી વર્કપરમીટ વીઝા અપાવતા હોવાનું ફરીયાદીને મિત્ર વર્તુળમાંથી માહિતી મળતા ફરીયાદીએ માતાપિતાની સાથે સોજીત્રા મુકામે આરોપીને રૂબરૂ મળેલ. ફરીયાદીને યુ.કે.જવાનું હોઈ તે અંગે વર્ક પરમીટ વીઝા અંગેની ફાઈલ બાબતે ચર્ચા કરેલ આ વખતે આરોપીએ ફરિયાદી તથા માતાપિતાને વિશ્વાસ અને ભરોસો અપાવેલ કે, તેઓ યુ.કે.ની વર્કપરમીટ વીઝા અપાવી દેશે અને તે બાબતે ફરીયાદીને આ કામના આરોપીએ હૈયાધારણ આપેલ જેથી ફરીયાદી તથા માતાપિતાને આરોપી ઉપર વિશ્વાસ અને ભરોસો બેસેલ જેથી ફરીયાદીએ આ કામના આરોપીના કહ્યા મુજબના જરૂરી દસ્તાવેજી પુરાવાઓ વીઝા કરાવવા સારૂ સહીઓ કરીને આપેલ. ત્યારબાદ થોડા સમય બાદ આરોપીએ ફરીયાદીને, ફોન કરીને જણાવેલ કે વીઝાના કામ માટે થોડા એડવાન્સમાં પૈસા આપવા પડશે તેમ કહી તેઓએ રૂા.૫,૦૦,૦૦૦/– (પાંચ લાખ) ની માંગણી કરેલ જેથી ફરીયાદીની પાસે તે વખતે પાંચ લાખની વ્યવસ્થા ના હોઈ ફરીયાદીએ માતાના દરદાગીના કે જે ૯૦ ગ્રામ વજનમાં હોય તે રૂબરૂ ફરીયાદીના ઘરે બેસીને તા.૧૬/૦૬/૨૦૨૩ ના રોજ આરોપીને આપેલા અને ૯૦ ગ્રામ વજનના દાગીના આપતા આરોપીએ ફરીયાદીને તે અંગે લેખીતમાં લખાણ કરી આપવાનું જણાવતા આરોપીએ રૂા.૩૦૦/– ના સ્ટેમ્પ પેપર ઉપર ૯૦ ગ્રામ સોનાના દાગીના મળ્યા બદલનું લખાણ પણ કરી આપેલ કે, લખાણની સાથો સાથ આરોપીએ ફરીયાદીને એકિસસ બેન્ક, વિધાનગર શાખાનો ચેક નં. ૮૨૯૧૫૩ તા. ૧૫/૧૧/૨૦૨૩ નો પણ આપેલ (સદરહુ ચેક સમયાંતરે તેની વેલીડીટી પુર્ણ થતી હોઈ આરોપીએ પરત માંગતા ફરીયાદીએ સદરહુ ચેક આરોપીને પરત આપી દીધેલ છે) અને સદરહુ લખાણ નોટરાઈઝ પણ કરાવેલું. સમયાંતરે આરોપીએ ફરીયાદીના વર્ક પરમીટ વીઝા અંગેની કોઈ કાર્યવાહી ના કરતા ફરીયાદી આ કામના આરોપીને રૂબરૂ મળી વર્ક પરમીટ વીઝા કયારે અપાવશો તે બાબતે પૃચ્છા કરતા આરોપી ગલ્લાતલ્લા કરવા લાગેલ જેથી ફરીયાદીને સાથે છેતરપીંડી થયેલાનું જણાઈ આવેલ જેથી ફરીયાદીએ આ કામના આરોપીને આપેલા સોનાના દાગીના પરત

આપવાની વાત કરેલ થોડા સમયમાં તમારી ફાઈલ ઓ.કે. થઈ જશે, ચીંતા કરશો નહી અને અમોની ઉપર વિશ્વાસ રાખો "તેવુ કહેતા ફરીથી ફરીયાદી તેઓના કથનમા આવી જઈ ફરીથી વિશ્વાસમાં આવેલ. ત્યારબાદ પણ થોડા સમય સુધી કોઈ ફાઈલ અંગેની કાર્યવાહી ના થતા ફરીયાદીએ દાગીના પરત આપવાની માંગણી કરતા તેઓએ જણાવેલ કે, " હું તમારા દાગીના પરત આપી દઉ છું પરંતુ તે બદલે રૂા. ૫,૦૦,૦૦૦/– (પાંચ લાખ) રોકડા આપવા પડશે અને ફાઈલ ચાર્જ વિગેરેના થઈને બીજા સીત્તેર હજારથી લઈને એંસી હજાર આપવા પડશે . જેથી તમારૂ કામ જલ્દી પુર્ણ થઈ જશે. ફરીયાદીએ થોડા સમયમાં રોકડા પૈસાની વ્યવસ્થા કરી આપીશું તેવુ જણાવેલ જેથી આરોપીએ ફરીયાદીએ અગાઉ આપેલા ૯૦ ગ્રામ સોનાના દાગીના (ફરીયાદી ની માતાના દાગીના) પરત આપવાની બાંહેધરી આપેલી તે પૈકી આરોપીએ ફરીયાદીને ૭૦ ગ્રામ સોનુ પરત આપેલ અને બાકીના બે સોનાના સીકકા કે જેનુ વજન ૨૦ ગ્રામ હતુ તે પરત આપેલ નહી અને આજની તારીખે સદરહુ બંને સીકકા આ કામના આરોપીની પાસે છે. ફરીયાદીએ માતાપિતાના પાસેથી તેમજ સગાવ્હાલાઓ તેમજ મિત્ર વર્તુળમાંથી ઉધાર ઉછીના લઈ ટૂકડે ટૂકડે કરી તેમજ ફરીયાદીના માતાના દાગીનાઓ ગીરો મુકીને આ કામના આરોપીને રૂા. ૫,૦૦,૦૦૦/– (પાંચ લાખ) પુરા રોકડા સ્વરૂપે ટૂકડે ટૂકડે આપેલા અને આરોપીએ પાંચ લાખ રોકડા મળી જતા ફરીયાદીએ આ અગાઉ ૯૦ ગ્રામ સોનાના દાગીના આરોપીને કરાર મુજબ આપેલા હતા તે આરોપીને રોકડા રૂપિયા મળવાના કારણે ૭૦ ગ્રામ વજનના દાગીના પરત કરેલા અને ૨૦ ગ્રામ પરત કરેલા નહીં. આમ આરોપીને પાંચ લાખની માતબર રકમ આપેલ હોવા છતાં ફરીયાદીની વર્ક પરમીટ વીઝા અંગેની ફાઈલનું કામ આગળ વધતુ ના હોવાથી ફરીયાદીએ ફરીથી આરોપીની પાસે ઉઘરાણી કરતા અને વીઝાનું કામ કરી આપવાનું જણાવતાં આરોપીએ ફરીયાદીની પાસે વધુ સીત્તેર થી એંસી હજારની માંગણી કરેલ જેથી ફરીયાદીએ ફરીથી આ કામના આરોપીને ટૂકડે ટૂકડે કરીને નેવુ હજાર પુરા આપેલા. આમ ફરીયાદીએ આ કામના આરોપીને કુલ્લે પાંચ લાખ નેવુ હજાર પુરા રોકડા ટૂકડે ટૂકડે કરીને વર્ક વીઝા અપાવવા સારૂ આપેલા. ફરીયાદીનું વિઝા અંગેનું કોઈ કામ

આરોપી ધ્વારા થતું ન હોઈ ફરીયાદીએ આરોપી પાસે ઉઘરાણી કરતા આરોપીએ કર્ણાટક બેંક આણંદ શાખાનો ચેક નં.૦૦૩૧૧૦ નો તા.૦૬/૦૩/૨૦૨૪ નો રૂા.૫,૯૦,૦૦૦/– નો ફરીયાદીની રૂબરૂ સહી કરીને આપેલો અને જણાવેલ કે ચેક બેંકમાં ભરસો તો તમોને નાણાં મળી જશે. આરોપીના વિશ્વાસ અને ભરોસે આરોપીએ આપેલ ચેક ૧૨માં મહિના તેમણે સ્વીકારેલ આરોપીના કહેવા મુજબ આરોપીએ આપેલ ફરીયાદીએ તેમની ઇન્ડીયન ઓવરસીઝ બેંકના ખાતા નં.૦૩૫૪૦૧૦૦૦૦૧૪૭૩૩ મા ચેક સ્વીકારાવવા માટે તા.૨૨/૦૩/૨૦૨૪ ના રોજ ભરતા ચેક "PAYMENT STOPPED BY DRAWER " ના શેરા સાથે પરત આવેલ અને તે અંગેની જાણ બેંકના રીર્ટન મેમાથી તા.૨૫/૦૩/૨૦૨૪ના રોજ થયેલ, ચેક પરત ફરતા આરોપીનો કોન્ટેકટ કરેલ અને ચેકની હકીકતથી વાકેફ કરતા આરોપીએ ઉડાઉ જવાબ આપેલ તેમજ કાયદેસરની લેણા રૂપીયા ચુકવી આપેલ નહિ. જેથી ફરિયાદીએ તેમના વકિલશ્રી મારફતે આરોપીને રજી.પોસ્ટ એ.ડી.થી તા. ૧૯/૦૪/૨૦૨૪ ના રોજની ડીં માન્ડ નોટીસ મોકલેલ, જે નોટીસ આરોપીને જેલ ના સરનામે બજી ગયેલ છે. અને આરોપી ને રહેણાંકના સરનામે મોકલેલ નોટીસ લેફટના શેરા સાથે પરત આવેલ છે. આરોપીએ ચેકની કોઈ રકમ પરત નહી કરતા ધી નેગોસીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ સજાને પાત્ર ગુન્હો કરેલ હોય, જેથી ફરિયાદીએ આરોપી વિરૂધ્ધ હાલની ફરિયાદ દાખલ કરેલ છે.

(૨) આ કામે ફરિયાદીની સદર ફરિયાદ રજીસ્ટરે દાખલ કરી, ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૪ અન્વયે આરોપી સામે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ સમન્સ કાઢવાનો હુકમ કરવામાં આવેલો છે, જે સમન્સ આરોપીને બજી જતાં આરોપી કોર્ટ સમક્ષ ઉપસ્થિત થતા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ અન્વયે ફરિયાદની નકલ તથા દસ્તાવેજી પુરાવાઓ પુરા પાડવામાં આવેલ છે. ત્યારબાદ આરોપીનું **આંક–૦૮** થી નિવેદન લેવામાં આવતાં, આરોપીએ તેમની સામેના આક્ષેપિત ગુન્હાનો

ઈન્કાર કરતાં સદરહુ કેસ ફરિયાદપક્ષના પુરાવાના તબકકે મુકરર કરી આગળની ઈન્સાફી કાર્યવાહી સમન્સ ટ્રાયેબલ રીતે હાથ ધરવામાં આવેલ.

(૩) આ કામે ફરિયાદપક્ષ તરફે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલા છે.

–:: <u>ફરીયાદી તરફે મૌખિક પુરાવો</u> ::–

અ.નં.	વિગત	આંક
(૧)	ફરિયાદી જયદિપ ભગવતીલાલ પંચાલ નાઓનું સરતપાસ નું સોગંધનામું	૦૪

–:: <u>ફરીયાદી તરફે દસ્તાવેજી પુરાવો</u> ::–

અ.નં.	દસ્તાવેજની વિગત	આંક
(૧)	આરોપીએ આપેલ ચેક નં.૦૦૩૧૧૦ અસલ. (૦૬/૦૩/૨૦૨૪)	૦૯
(૨)	ચેક રીટર્ન મેમો અસલ. (તા. ૨૫/૦૩/૨૦૨૪)	૧૦
(૩)	આરોપીને ખંભાત સબજેલ ખાતે મોકલાવેલ ડીમાન્ડ નોટીસની સ્થળપ્રત. (તા. ૧૯/૦૪/૨૦૨૪)	૧૧
(૪)	આરોપીને રહેણાંકના સરનામે મોકલાવેલ ડીમાન્ડ નોટીસની સ્થળપ્રત.(તા. ૧૯/૦૪/૨૦૨૪)	૧૨
(૫)	આરોપીને નોટીશ મોકલેલ તેની પોષ્ટની સફેદ પાવતી અસલ (તા. ૧૯/૦૪/૨૦૨૪)	૧૩–૧૪
(૬)	આરોપીને નોટીસ બજી ગયેલ છે તેની પોસ્ટની અસલ એક્નોલેજમેન્ટ	૧૫
(૭)	આરોપીને રહેણાંકના સરનામે મોકલેલ સદર નોટિસ લેવાની ના પાડતાં પરત આવેલ તે અસલ નોટીસ કવર	૧૬

	સાથે	
(૮)	ફરીયાદી તરફે ક્લોઝીંગ પુરશીસ	૨૫

(૪) ફરીયાદપક્ષે પુરાવાબંધની પુરસીસ રજુ થયા ફરીયાદપક્ષના પુરાવાનું સ્ટેજ બંધ કરી રજુ થયેલ તમામ પુરાવાના આધારે કિ. પ્રો.કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે, જેમાં જણાવેલ હકીકતનો આરોપીએ ઈન્કાર કરેલ છે તેમજ વિશેષમાં જણાવેલ છે કે,કહેવાતો કોઇ ગુનો આરોપીએ કરેલ નથી. પરંતુ ફરીયાદીની ઉલટ તપાસ પરથી પુરવાર થાય છે કે ૨૦૨૩ ના રોજના ચેકનો દુરુપયોગ કરી હાલની ફરીયાદ કરેલ છે. જેથી આરોપીને નિર્દોષ છોડી ઠરાવી મુકવા વિનંતી છે તેમજ આજ કોર્ટમાં બીજી ફરીયાદ આરોપી સામે આજ ફરીયાદીએ કરેલ છે તેનો કોઇ ઉલ્લેખ આ ફરીયાદમાં કરેલ નથી.વધુમાં આરોપી તર્ફે **આંક–૨૫** થી ક્લોઝીંગ પુરશીસ આપેલ છે.

(૫.૧)**ફરિયાદપક્ષના વિ.વ.શ્રી. એમ.એમ.શેખ નાઓએ આંક–૨૬ થી પુરસીસ આપી જણાવેલ છે કે આંક–૧ ની ફરીયાદ તેમજ આંક–૩ થી રજુ કરેલ દસ્તાવેજી પુરાવાલીસ્ટ ,આંક–૪ ની સરતપાસ તેમજ આંક–૯ થી આંક–૧૬ ના દસ્તાવેજી પુરાવા તથા મૌખિક પુરાવાથી પોતાનો કેસ પુરવાર કરેલ છે, આરોપી નેગો.ઈ.એકટ ની કલમ–૧૩૯ મુજબના અનુમાનનુ ખંડન કરી કરેલ નથી, આરોપીએ ફરીયાદીના કાયદેસરના નાણા ચુકવેલા નથી, નેગો.ઈ.એકટ ની કલમ–૧૩૮ ની તમામ કાયદેસરના આવશ્યક તત્વોનુ ફરીયાદી પાલન કરેલ છે, જેથી આરોપી ને કાયદામાં જણાવ્યા અનુસારની સજા કરી અને વ્યાજ સહીત તેઓને ચેકની રકમ વળતર તરીકે અપાવવા અરજ છે.**

(૫.૧)આરોપી ના વિ.વ. **શ્રીએમ.જે ધોબી** નાઓની આંક–૩૧ થી લેખિત દલીલો રજુ કરી મોખિક રજૂઆત છે કે – **ફરીયાદીએ ખોટુ લખાણ ઊભુ કરી ૨૦૨૩ ના અરસામાં સિક્યુરીટી પેટે આપેલ કોરા ચેકનો દુર ઉયોગ કરેલ છે. ખોટી**

નોટીસ આપેલ હોય ફરીયાદી પોતાનુ કાયદેસર નુ લેણુ પુરવાર કરી શકેલા નથી. ફરીયાદી ના માતાપિતા તથા મિત્રવર્તુળ પાસેથી નાણા લઈ આપેલ હોવાનુ જણાવે છે પરંતુ કોણી પાસેથી કેટલી રકમ લઈ કયારે આરોપી ને આપેલ તેવુ ફરીયાદી જણાવતા ન હોય, તેમજ ફરીયાદી ને સમય કરતા વહેલુ યુ.કે જવુ હોય જે શક્ય ન હોય આરોપીએ યુ.કે જવાનુ કેન્સલ કરેલ અને ફરીયાદી ને આપેલ ચેક ફરીયાદી એ પરત આપેલ નહિ આમ, ફરીયાદીએ આરોપીના આંક –૯ વાળા સીક્યુરીટી પેટેના ચેકનો દુરઉપયોગ કરીને આરોપીની જોડેથી પૈસા પડાવવા માટે હાલની ખોટી ફરીયાદ કરેલ છે. આરોપી પક્ષ ધ્વારા ફરીયાદ પક્ષ ની લંબાણ પુર્વકની દલીલો કરી નેગો.ઈ.એકટની કલમ–૧૩૯ મુજબના અનુમાનો નો ખંડન કરવામાં સફળ થયેલ છે, વધુમાં બેંક ધ્વારા હાલની ફરીયાદ વાળા ચેક પેમેન્ટ સ્ટોપ બાય ડ્રોઅરના શેરા થી પરત ફરેલ છે, જેથી પણ આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ છે.

(૬) ઉપરોકત હકિકતે આ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

–//મુદ્દા//–

૧. શું આ કામના ફરિયાદી નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીએ ફરિયાદીને તેના બાકી લેણા પેટે ચેક નં.૦૦૩૧૧૦ નો કર્ણાટક બેંક આણંદ શાખાનો તા.૦૬/૦૩/૨૦૨૪ નો રૂા.૫,૯૦,૦૦૦/– નો ફરીયાદી રૂબરૂ સહી કરીને આપેલ. જે ચેક આરોપીના કહેવા મુજબ સ્વીકારાવવા માટે ફરીયાદી ની બેંક ઇન્ડીયન ઓવરસીઝ બેંક ખંભાત શાખા માં તા.૨૨/૦૩/૨૦૨૬ ના રોજ ફરીયાદી ના ખાતાં નં.૦૩૫૪૦૧૦૦૦૦૧૪૭૩૩ માં ભરતા ચેક " **પેમેન્ટ સ્ટોપડ બાય ડ્રોઅર**' ના શેરા સાથે પરત ફરેલ. ફરિયાદીએ તેના વકિલશ્રી મારફતે આરોપીને ધી નેગોસીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટ–૧૩૮ મુજબની નોટીસ તા. ૧૯/૦૪/૨૦૨૪ ના રોજ આપેલ, જે નોટીસ બજવા છતા નોટીસમાં માંગણી

કર્યા મુજબની રકમ નહિ ચુકવી આપીને આરોપીએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ ની કલમ−૧૩૮ મુજબ શિક્ષાને પાત્ર ગુન્હો આ અદાલતની હકુમતમાં કરેલ છે ?

૨. શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દા પરત્વે મારા નિર્ણયો નીચે મુજબ છે. (૭)

−//નિર્ણયો //−

૧. હકારમાં,

૨. આખરી હુકમ મુજબ.

(૮) ઉપરોકત નિર્ણયો પરત્વે મારા કારણો નીચે મુજબ છે.

−// કારણો// −

(૯) હાલના કામમાં કેસના મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતા પહેલા ધી નેગો. ઈન્સ્ટ્રુ. એકટની કલમ−૧૩૮ તથા તેના અનુસંધાને કાયદામાં શું શું પ્રબંધો કરવામાં આવેલ છે તે ધ્યાને લેવા જોઈએ, જે નીચે મુજબ છે.

ધી નેગો. ઈન્સ્ટ્રુ. એકટની કલમ−૯ '' યથાક્રમ ધારક ''

યથાકમ ધારક એટલે જે વ્યકિત કોઈ પ્રોમીસરી નોટ,વિનિમયપત્ર અથવા ચેકમાં જણાવેલ રકમ ચુકવવાને પાત્ર થાય તે પહેલા અને જેની પાસેથી પોતે હકક પ્રાપ્ત કર્યો હોય તે વ્યકિતના હકમાં કોઈ ખામી છે એમ માનવાને પોતાને પુરતું કારણ હોવા વિના, તે પ્રોમીસરી નોટ, વિનિમયપત્ર કે ચેક લાવનારને ચુકવવાનો હોય ત્યારે, અવેજ આપીને તે ખતનો કબજો ધરાવનાર થઈ હોય તે વ્યકિત અથવા તે પ્રોમીસરી નોટ, વિનિમયપત્ર કે ચેક આદેશ મુજબ ચુકવવાનો હોય ત્યારે તેના નાણાં લેનાર અથવા તેની શેરેદાર થઈ હોય તે વ્યકિત.

ધી નેગો. ઈન્સ્ટ્રુ. એકટની કલમ–૧૩૮ ખાતામાં અપૂરતા ભંડોળ વગેરેને કારણે ચેકનો અસ્વીકાર "

સમગ્ર રીતે અથવા અંશત: કોઈ પણ દેવુ કે અન્ય જવાબદારી અદા કરવા માટે કોઈ વ્યકિત, પોતે નિભાવતો હોય તેવા ખાતા ઉપરનો ચેક એ ખાતામાંથી બીજી વ્યકિતને નાણાંની ચુકવણી કરવા માટે બેન્કરને લખે અને એવા ચેકની ચુકવણી કર્યા વિના બેન્ક એ પરત કરે, કારણ કે એ ખાતામાંની જમા રકમ ચેકના સ્વીકાર માટે અપુરતી હોય અથવા તો બેન્ક સાથેની સમજુતીની કરેલી વ્યવસ્થા મુજબ ચેકની રકમ એ રકમ કરતા વધારે હોય ત્યારે આવી વ્યક્તિએ ગુનો કર્યો ગણાશે અને આ કારણની કોઈ અન્ય જોગવાઈઓને બાધ ન આવે તેમ તેને (બે વર્ષ સુધીની કેદ અથવા ચેકની રકમથી બમણી કિંમતના દંડ સુધીની અથવા તે બંને શિક્ષા) ની જોગવાઈ કરવામાં આવી છે.

પરંતુ ઠરાવવામાં આવે છે કે આ કલમનો કોઈ પણ મજકુર લાગુ પડશે નહિ સીવાય કે –

(ક) જે તારીખે, ચેક લખ્યો હોય તે તારીખથી ૩ મહિનાની મુદત અથવા તેની કાયદેસરની મુદત એ બે માંથી જે વહેલી આવતી હોય તેટલી મુદતની અંદર બેન્કમાં ચેક રજુ કરવામાં આવ્યો હોય:

(ખ) પ્રસંગ પ્રમાણે ચેક લેનાર અથવા તેના ધારક ચેક ભરપાઈ થયા વિના પરત આવવા સંબધી બેન્ક પાસેથી તેની માહિતી મળ્યાના (૩૦ દિવસની અંદર) ચેક લખનારને લેખીતમાં નોટીસ આપીને નાણાંની સદરહું રકમની ચુકવણી કરવા માટે માંગણી કરી હોય અને

(ગ) તેવી નોટીસ મળ્યાના ૧૫ દિવસની અંદર ચેક લખનાર ચેકના નાણાં લેનાર અથવા જે તે કિસ્સા મુજબ ચેકના ધારકને સદરહું નાણાંની ચુકવણી કરવામાં નિષ્ફળ જાય :

સ્પષ્ટીકરણ : આ કલમના હેતુ માટે " દેવુ અથવા અન્ય જવાબદારી '' એટલે કાયદેસર રીતે જેનો અમલ કરાવી શકાય તેવું દેવું અથવા અન્ય જવાબદારી એવો થાય છે.

ધી નેગો. ઈન્સ્ટ્રુ. એકટની કલમ–૧૩૯ " ચેકના ધારણકર્તાની તરફેણમાં અનુમાન ''

વિરુધ્ધની હકીકત સાબિત ન થાય ત્યાં સુધી એવું માનવામાં આવશે કે ચેક ધારણ કરનારે તે ચેક કલમ–૧૩૮ માં દર્શાવ્યા મુજબ કોઈ દેવાના અથવા અન્ય જવાબદારીના પુરેપુરા અથવા તેના કોઈ ભાગમાંથી બોજા મુકત થવાના બદલામાં તે ચેક મેળવ્યો હશે.

ધી નેગો. ઈન્સ્ટ્રુ. એકટની કલમ–૧૪૨ '' ગુનાઓનું કોગ્નિઝન્સ લેવા બાબત "

(૧) ફોજદારી કાર્યરીતી સંહિતા ૧૯૭૩ (૧૯૭૪ નો ૨) માં ગમે તે મજકુર હોય તેમ છતાં–

(ક) કોઈ પણ કોર્ટે ચેકના નાણાં લેનાર ધ્વારા અથવા યથાપ્રસંગ ચેકના ધારક ધ્વારા લેખીતમાં ફરીયાદ કરવામાં આવી હોય તે સીવાય કલમ–૧૩૮ અન્વયે સજાને પાત્ર કોઈ ગુનાનું કોગ્નિઝન્સ લેવું જોઈએ નહિ.

(ખ) કલમ–૧૩૮ ના પરંતુકના ખંડ (ગ) હેઠળ જે તારીખે દાવાનું કારણ ઉપસ્થિત થયું હોય તે તારીખના એક મહિનાની અંદર એવી ફરીયાદ કરવામાં આવી હોવી જોઈએ.

પરંતુ એવી જોગવાઈ કરવામાં આવી છે કે ફરીયાદી કોર્ટને એવી ખાતરી કરાવે કે આવી મુદતની અંદર ફરીયાદ ન કરવા માટે તેને પુરતું કારણ હતું તેવા કિસ્સામાં સદર ઠરાવેલ મુદત પછી પણ કોર્ટ તેવી ફરીયાદની નોંધ લઈ શકે છે.

(ગ) આ અધિનિયમની કલમ–૧૩૮ હેઠળ શિક્ષાને પાત્ર કોઈ ગુનાના સંબધમાં મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ અથવા જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસથી નીચલા દરજજાની કોઈ કોર્ટ કેચ ચલાવી શકશે નહિ.

(૨) કલમ–૧૩૮ હેઠળના ગુનાઓની તપાસ અને ઈન્સાફી કાર્યવાહી માત્ર તેવી જ કોર્ટ ધ્વારા કરી શકાશે કે જેની સ્થાનીક હકુમતમાં –

(એ) જો કોઈ ખાતા ધ્વારા ચુકવણી અર્થે ચેક આપવામાં આવેલ હોય ત્યારે, ચેક સ્વીકારનાર અથવા યથાપ્રસંગ, ધારક જે શાખાના ખાતાથી તે લેવડ દેવડ કરતો હોય તે શાખા જયાં સ્થિત હોય તે : અથવા

(બી) જો કોઈ ચેક ખાતા સીવાય અન્ય રીતે ચુકવણી માટે ચેક સ્વીકારનાર અથવા ધારક ધ્વારા રજુ કરવામાં આવેલ હોય તો, ચેક સ્વીકારનાર બેન્ક જયાં આવેલ હોય કે જયાં ચેક લખનાર પોતાનું ખાતું ધરાવતો હોય તે શાખા જયાં સ્થિત હોય તે.

સ્પષ્ટીકરણ : ખંડ(એ) ના હેતુઓ માટે ચેક સ્વીકારનાર અથવા ધારકની બેન્કની કોઈ પણ શાખામાંથી વસુલાત માટે ચેક આપવામાં આવ્યો હોય, ત્યારે એવું માની લેવામાં આવશે કે, ચેક સ્વીકારનાર અથવા યથાપ્રસંગ, ધારકની બેન્કની શાખામાંથી ખાતાની લેવડ દેવડ કરવામાં આવે છે.

ધી નેગો. ઈન્સ્ટ્રુ. એકટની કલમ–૧૪૫ " પુરાવો સોગંદનામા ઉપર લેવા બાબત "

(૧) ફોજદારી કાર્યરીતી સંહિતા ૧૯૭૩ (૧૯૭૪ ના ૨જા) માં ગમે તે મજકુર શોય તે છતાં, ફરીયાદીનો પુરાવો તેના ધ્વારા સોગં દનામા ઉપર આપી શકાશે અને તમામ ન્યાયી અપવાદોને આધીન રહીને સદરહું અધિનિયમ (સી.આર.પી.સી) અન્વયેની કોઈ પણ તપાસ, ટ્રાયલ અથવા અન્ય કાર્યવાહીના પુરાવામાં વાંચી શકાશે.

(૨) અદાલતને એવું યોગ્ય લાગે તો અને ફરીયાદી અથવા આરોપીની અરજી ઉપરથી તેમાં જણાવેલ હકીકતો સંબધી એફીડેવીટ ઉપર પુરાવો આપતી વ્યકિતને સમનસ કાઢી બોલાવી અને તેને તપાસ શકશે.

ધી નેગો. ઈન્સ્ટ્રુ. એકટની કલમ–૧૪૬ '' બેન્કની સ્લીપ કેટલીક હકીકતો અંગેનું પ્રથમદર્શનીય પુરાવો હોવા બાબત. "

અદાલત, આ પ્રકરણ હેઠળ દરેક કાર્યવાહીના સંબધમાં બેન્કની સ્લીપ અથવા ચેકનો અસ્વીકાર કરવામાં આવ્યો હોય તેવા કાયદેસરના છેડાવાળા મેમો, આવા ચેકના અસ્વીકાર થયાની હકીકતો માની લેવામાં આવશે. સીવાય કે આવી હકીકતો જયાં સુધી નાસાબિત ન થઈ હોય.

ઉપરોકત પ્રબંધો ધ્યાને લેતા ધી નેગો. ઈન્સ્ટ્રુ. એકટની કલમ–૧૩૮ સાબિત થવા માટે નીચેના આવશ્યક તત્વો હોવા જોઈએ.

(૧) ફરીયાદી ચેકનો હોલ્ડર ઈન ડયુ કોર્સ (યથાક્રમ ધારક) હોવો જોઈએ.

(૨) આરોપીએ તેમના કાયદેસરના દેવાની ચુકવણી પેટે ચેક આપેલ હોવો જોઈએ. અંહી કલમ–૧૩૯ મુજબ જયારે આરોપી ફરીયાદીને ચેક આપે છે ત્યારે તે ચેક કાયદેસરના દેવાની ચુકવણી પેટે આપેલ છે તેવું અનુમાન કરવાનું હોય છે અને તેનું ખંડન કરવાનો બોજો આરોપી ઉપર હોય છે.

(૩) સદર ચેક ફરીયાદીએ વેલીડ સમયમાં બેંકમાં ભરેલ હોવો જોઈએ.

(૪) સદર ચેક ઈન સફીસીન્ટ ફંડસ/ એકાઉન્ટ કલોસ /પેમેન્ટ સ્ટોપ ના શેરા સાથે પરત થયેલ હોવો જોઈએ.

(૫) ચેક પરત થયાની જાણ ફરીયાદીને થાય તેના ૦૧ મહિનામાં આરોપીને ચેકની લેણી રકમ ૧૫ દિવસમાં ચુકવી આપવા માટેની ડીમાન્ડ નોટીસ આપવી પડે છે.

(૬) સદર નોટીસ આરોપીને બજી જાય અને તે તારીખથી જો આરોપી ૧૫ દિવસમાં નાણાં ન ચુકવે તો ત્યારથી એક મહિનામાં ફરીયાદીએ કોર્ટમાં ફરીયાદ દાખલ કરવાની હોય છે.

આમ જો ફરીયાદી ઉપરોકત આવશ્યક તત્વો સાબિત કરવામાં સફળ થાય તો જ ધી નેગો. ઈન્સ્ટ્રુ. એકટની કલમ–૧૩૮ સાબિત થાય છે.

સદર કેસના ન્યાયીક નિર્ણય માટે નામદાર સુપ્રીમ કોર્ટ ધ્વારા Hiten P. Dalal V/s. Bratindranath Banerjee (2001) 6 SCC 16 ના ચુકાદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો ધ્યાને લેતા:

"In other words, proved the facts required to form the basis of a presumption of law exists, no discretion is left with the court but to drawn the statutory conclusion, but this does not preclude the person against whom the presumption is drawn from rebutting it and proving the contrary. A fact is said to be proven when, "after considering the matters before it, the court either believes it to exist, or considers its existence so probable that a prudent man ought, under the circumstances of the particular case, to act upon the supposition that it exists". Therefore, the rebuttal does not have to be conclusively established but such evidence must be adduced before the court in support of the defence that the court must either believe the defence to exist or consider its existence to be reasonability being that of the 'prudent man"

(૧૦) આમ, ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ–૨૫૧ મુજબ આ કામે આરોપી ધ્વારા પોતાનો બચાવ કરવા માંગતા હોવાનું જાહેર કરવામાં આવેલ હોવાથી આ કામે ફરિયાદી ધ્વારા જે ચેકનો આધાર લઈ હાલની ફરિયાદ દાખલ કરવામાં આવેલ છે તે ચેક તેઓ ધ્વારા કોઈ કાયદેસરના દેવા પેટે આપવામાં આવેલ ન હતો કે, ફરિયાદી પાસે કોઈ દેવું ન હતું તે તમામ હકીકતો પુરવાર કરવાની જવાબદારી આરોપીના શીરે રહે છે.

<u>મુદ્દા નં. ૧ :</u>

(૧૧) હવે હાલના કામમાં ફરીયાદીએ આંક–૪ થી સરતપાસનું સોગંદનામું રજુ કરેલ છે, જે સરતપાસના સોગંદનામામાં ફરીયાદીએ તેમની ફરીયાદની હકીકતો લખેલ છે, જેથી તેનું પુનરાવર્તન અંહી ટાળેલ છે.

ફરીયાદીની બચાવપક્ષ ધ્વારા ઉલટ તપાસ કરવામાં આવેલ છે, જે ઉલટ તપાસમાં ફરીયાદીએ જણાવેલ છે કે " મારે એમ.કોમ નો અભ્યાસ ચાલુ છે તેમજ ઓનલાઈન જોબ કરુ છુ. એ વાત ખરી છે કે, મે મારા અભ્યાસ અંગેનો તથા ઓનલાઇન જોબ અંગેનો કોઈ લેખીત પુરાવો આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે, શામાં ઓનલાઈન જોબ કરુ છુ તે મે મારી ફરિયાદમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે, આરોપી વર્ક વિઝા આપવાનુ કામ કરે છે તે સંબંધે કોઈ લેખીત પુરાવો મે રજુ કરેલ નથી, એ વાત ખરી છે કે, આરોપીને સોજીત્રા મુકામે ક્યારે મળવા ગયેલા તે હકીકત મારી ફરિયાદમાં જણાવેલ નથી. અમો આરોપીને આશરે ૨૦૨૨ ના છઠ્ઠા મહિનામાં સોજીત્રા મળવા ગયેલા. હું મોબાઇલ ફોન ધરાવુ છુ. મારો નંબર મને યાદ છે. એ વાત ખરી છે કે, આરોપી પણ મોબાઇલ ફોન ધરાવતા હતા. એ વાત ખરી છે કે, મારા કહેવા મુજબ આરોપીએ અમો ફરિયાદી પાસે મોબાઈલ ઉપર પૈસાની માંગણી કરેલી. એ વાત ખરી નથી કે, આરોપીએ મોબાઈલ ઉપર કોઈ પૈસાની માંગણી કરેલ ન હોય જેથી મે મારો કે આરોપીનો મોબાઇલ નંબર ફરિયાદમાં લખાવેલ નથી. આરોપીએ હાલની ફરિયાદ દાખલ કરી તેના આશરે એક વર્ષ અગાઉ અમારી પાસે રૂા.૫,૦૦,૦૦૦/–ની માંગણી કરેલી. એ વાત ખરી છે કે, અમોએ આરોપીને આપેલ સોના બાબતેનો કોઇ લેખીત પુરાવો આ કામે રજુ કરેલ નથી. આરોપીએ અમોને આપેલ વિધ્યાનગર શાખાનો ચેક નં.૮૨૯૧૫૩ બાબતે અમોએ કોઈ કાર્યવાહી કરેલ નથી. સુંદર વિધ્યાનગર શાખાનો ચેક નં. ૮૨૯૧૫૩ નો આપેલો તે રૂા.૫,૦૦,૦૦૦/– નો હતો. મારી સાથે છેતરપીંડી થયેલી તેવુ પ્રથમ જ્ઞાન સને ૨૦૨૩ ના ૧૧ માં મહિનામાં થયેલુ. એ વાત ખરી છે કે, અમોએ આરોપી વિરૂધ્ધ પોલીસમાં છેતરપીંડીની ફરિયાદ કરેલ નથી. એ વાત ખરી છે. કે, સામાન્ય રીતે કોઇ માણસ એક વાર ફ્રોડ કરે તો ફરીથી તેની સાથે બીજો કોઈ વ્યવહાર ન કરે. એ વાત ખરી નથી કે, આરોપીએ અમારી સાથે છેતરપીંડી કરેલ છે તેવુ જાણવા

છતાં ફરીથી આરોપીને કામ સોંપેલું. એ વાત ખરી છે કે, મારી ફરિયાદમાં એવુ લખેલુ છે કે, થોડા સમયમાં તમારી ફાઈલ ઓકે થઈ જશે ચીંતા ફીકર કરશો નહિ અમારી ઉપર વિશ્વાસ રાખો તેવું કહેતા ફરીથી અમો ફરીયાદી તેઓના કથનમાં આવી વિશ્વાસમાં આવેલા.' એ વાત ખરી છે કે, કોની કોની પાસેથી પૈસા લઈ આવીને આરોપીને આપેલા તે હકીકત મારી ફરીયાદ, સરતપાસ કે નોટીસમાં જણાવેલ નથી. અમોએ મિત્ર વર્તુળ પાસેથી રૂા. ૧.૫૦,૦૦૦/– લીધેલા તથા દાગીના ગીરવે મુકીને તથા માતા પિતાની બચતમાંથી એમ રૂપીયા એકઠા કરી આરોપીને આપેલા. એ વાત ખરી છે કે, મે મિત્ર વર્તુળ પાસેથી રૂપીયા લીધેલા તથા દાગીના ગીરવે મુકેલા તથા માતા પિતાની બચતમાંથી રુપીયા મેળવેલા તે અંગેનો કોઈ લેખીત પુરાવો આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે, મે મારી ફરિયાદમાં એવુ લખાવેલ છે કે, ' અમો ફરિયાદીએ આરોપી પાસે ઉઘરાણી કરતા અને વિઝાનુ કામ કરી આપવાનુ જણાવતા આરોપીએ અમો ફરિયાદીની પાસે વધુ ૭૦ થી ૮૦ હજારની માંગણી કરેલી જેથી અમો ફરિયાદીએ આ કામના આરોપીને ટુકડે ટુકડે કરીને ૯૦ હજાર પુરા આપેલા.' એ વાત ખરી છે કે, સામાન્ય રીતે કોઈ માણસ જેટલા પૈસાની માંગણી કરે તેના કરતા વધુ પૈસા આપે નહિ. એ વાત ખરી નથી કે, આરોપીએ ૯૦ હજાર રૂપીયાની માંગણી કરેલ નહિ. એ વાત ખરી છે કે, આરોપીએ રૂા.૯૦,૦૦૦/– ની માંગણી કરેલ હોય તેનો ઉલ્લેખ મારી ફરિયાદ, સરતપાસ કે નોટીસમાં કરેલ નથી. હાલનો વાદગ્રસ્ત ચેક આરોપીએ અમોને ૨૦૨૩ ના ૧૦ માં કે ૧૧ માં મહિનામાં આપેલો. એ વાત ખરી છે કે, આરોપીએ હાલનો વાદગ્રસ્ત ચેક તા.૦૬.૦૩.૨૦૨૪ ના રોજ આપેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે, અમો ફરીયાદીએ આરોપી પાસે ક્યારે ક્યારે નાણાંની ઉઘરાણી કરેલી તે હુ હાલ કહિ શકુ નહિ. એ વાત ખરી છે કે, હાલનો ચેક તા.૦૬.૦૩.૨૦૨૪ ના રોજ બેંકમાં જમાં કરાવેલ હોય તેવુ બનેલ નથી. હવે હું કહુ છુ કે, સદર ચેક તા.૦૬.૦૩.૨૦૨૪ ના રોજ બેંકમાં જમાં કરાવેલો. અમોએ તા.૨૨.૦૩.૨૦૨૪ ના રોજ વાદગ્રસ્ત ચેક બેંકમાં નાખેલો. સદર ચેક ક્યારે રીટર્ન થયો તેની ચોક્કસ તારીખ મને યાદ નથી. અમો તા.૨૫.૦૩.૨૦૨૪ ના રોજ ચેક પરત ફર્યો ત્યારબાદ આરોપીને ખંભાત મળવા આવેલા. અમો

આરોપીને બસસ્ટેન્ડ પાસે મળેલા. બસસ્ટેન્ડ પાસે અમો આરોપીને મળેતા ત્યારે મારી સાથે મારા મમ્મી હતા. એ વાતની મને ખબર છે કે, આરોપી વિરૂધ્ધ તા.૧૫.૦૩.૨૦૨૪ ના રોજ સોજીત્રા પો.સ્ટે.માં ફરિયાદ થયેલી છે. એ વાતની મને ખબર છે કે, તે જ દિવસે આરોપીને સોજીત્રા પોલીસે અટક કરેલો. આરોપી સાત દિવસ માટે રીમાન્ડ ઉપર હતા કે કેમ તેની મને ખબર નથી. પોલીસે મને પોલીસ સ્ટેશને બોલાવેલા. એ વાત ખરી છે કે, તા.૨૦.૦૩.૨૦૨૪ ના રોજ પોલીસે મારુ નિવેદન લીધેલું. એ વાત ખરી નથી કે, મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં આરોપીએ મને ચેક આપેલાનો કોઈ ઉલ્લેખ કરેલ નથી. એ વાત ખરી નથી કે, આરોપી પોલીસ કસ્ટડીમાં હોવાથી અમો આરોપીને મળવા ખંભાત મુકામે આવેલ નથી. એ વાત ખરી છે કે, મારે ફરીયાદ મુજબ રૂા.૫,૯૦,૦૦૦/- આરોપી પાસેથી લેણાં થાય છે તે સિવાય બીજી કોઇ રકમ લેણી થતી નથી. એ વાતની મને ખબર નથી કે, હાલના ચેક સિવાય બીજો એક ચેક કર્નાટક શાખાનો નં.૨૫૨૨૩૩ આરોપીએ મને આપેલ કે કેમ. હવે હું કહુ છુ કે, કર્નાટક શાખાનો ચેક નં. ૨૫૨૨૩૩ આરોપીએ મને આપેલો જે રૂા. ૧,૪૦,૦૦૦/- નો હતો. મારે આરોપી પાસે ટોટલ રૂા.૭,૩૦,૦૦૦/- લેવાના થાય છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, મે રૂા.૧,૪૦,૦૦૦/- ના ચેકનો બીજો કેસ કરેલ છે. એ વાત ખરી છે કે, બીજી ફરિયાદનો મે કોઇ ઉલ્લેખ હાલની ફરિયાદમાં કરેલ નથી. એ વાત ખરી છે કે, આરોપીએ મને વિગતો ભરીને ચેક આપેલો. એ વાત ખરી છે કે, આરોપીએ મારા રૂબરૂ ચેક ભરીને આપેલો. એ વાત ખરી છે કે, આંક-૦૯ વાળા ચેકમાં સહિ તથા બાકીની વિગત અલગ અલગ પેનથી લખાયેલ છે. એ વાત ખરી નથી કે, આવો કોઈ ચેક આરોપીએ મને આપેલ નથી. એ વાત ખરી નથી કે, આરોપીના પડી રહેલા ચેકનો દુરુપયોગ કરી હાલની ખોટી ફરિયાદ કરેલ છે. એ વાત ખરી નથી કે, ચેક ખોટી રીતે અમારી પાસે પડી રહેલ હોય જેથી આરોપી જેલમાં ગયા બાદ બેંકમાં નાખેલ છે.

તેમજ ફરીયાદપક્ષ ધ્વારા આંક- ૦૯ થી ચેક નં. ૦૦૩૧૧૦ નો કર્ણાટક બેંક લિમિટેડ આણંદ શાખાનો તા. ૦૬/૦૩/૨૦૨૪ નો રૂા. ૫,૯૦,૦૦૦/-

નો છે. તેમજ આંક– ૧૦ થી તા. ૨૫/૦૩/૨૦૨૪ ના રોજનો ચેક રીર્ટન મેમો રજુ કરેલ છે, જે ચેક " **પેમેન્ટ સ્ટોપડ બાય ડ્રોઅર**' ના શેરા સાથે પરત થયેલ છે અને સદર રીર્ટન મેમામાં બેંકના અધિકારીની સહી તથા બેંકનો સીકકો છે. તેમજ આંક– ૧૧ થી ફરીયાદપક્ષ ધ્વારા આરોપીને ડિમાન્ડ નોટીસ સબ જેલ મુકામે મોકલેલ તેની ઓફીસ કોપી રજુ છે. તેમજ આંક– ૧૨ થી ફરીયાદપક્ષ ધ્વારા આરોપીને ડિમાન્ડ નોટીસ રહેણાંકના સરનામે મોકલેલ તેની ઓફીસ કોપી રજુ છે. અને આંક– ૧૩ અને આંક– ૧૪ થી ટપાલ ખાતાની રજી.એ.ડી. ની સફેદ પહોંચ રજુ છે, જે મુજબ તા. ૧૯/૦૪/૨૦૨૪ ના રોજ સદર ડિમાન્ડ નોટીસ મોકલવામાં આવેલ છે. તેમજ આંક– ૧૫ થી નોટીસ આરોપીના સરનામે મોકલેલ નોટીસ બજી ગયેલ તેનો અસલ એનોલેજમેન્ટ રજુ કરેલ છે તેમજ આંક–૧૬ થી ફરીયાદીએ આરોપીને તેઓના રહેણાંકના સરનામે તેઓની મોકલેલ નોટીસ લેવાની ના પાડતા પરત આવેલ તેનું અસલ કવર આમ ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવા જોતા આરોપીએ ફરીયાદીને રૂા. ૫,૯૦,૦૦૦/–નો ચેક લખી આપેલ તે ચેક રજુ કરેલ છે અને સદર ચેકમાં આરોપીની સહી છે. આરોપીએ કયાંય એવો બચાવ લીધેલ નથી કે સદર ચેકમાં આરોપીની સહી નથી, જેથી ફરીયાદી ધી નેગો. ઈન્સ્ટુ. એકટની કલમ–૯ મુજબ હોલ્ડર ઈન ડયુ કોર્સ ગણાય. સદર ચેક ફરીયાદીએ બેંકમાં નાંખતા સદર ચેક" **પેમેન્ટ સ્ટોપડ બાય ડ્રોઅર**' ના શેરા પરત થયેલ છે, જેનો રીર્ટન મેમો આંક– ૧૦ થી રજુ થયેલ છે, જેમા બેંકના અધિકારીની સહી તથા બેંકનો સીકકો છે. હવે ધી નેગો. ઈન્સ્ટુ. એકટની કલમ–૧૪૬ મુજબ જયારે બેંકની સહી, સીકકા વાળો રીર્ટન મેમો રજુ કરવામાં આવે ત્યારે રીર્ટન મેમો સાચો અને ખરો છે તેવું કોર્ટે માનવું પડે અને સદર રીર્ટન મેમો ખોટો છે તેવું સાબિત કરવાની જવાબદારી આરોપીની થાય છે પરંતુ

આરોપીએ તેમના બચાવમાં કયાંય કહ્યું નથી કે આંક– ૧૦ વાળો રીર્ટન મેમો ખોટો છે, જેથી આંક– ૦૯ વાળો ચેક " **પેમેન્ટ સ્ટોપડ બાય ડ્રોઅર**' હોવાના કારણે પરત થયેલ છે અને ત્યાર બાદ આંક–૧૦ વાળી નોટીસ ફરીયાદીએ આરોપીને મોકલેલ છે તથા આંક–૧૧ અને આંક–૧૨ થી ટપાલખાતાની સફેદ પાવતી રજુ કરેલ છે, જે મુજબ તા. ૦૯/૦૪/૨૦૨૪ ના રોજ ડિમાન્ડ નોટીસ મોકલેલ છે એટલે કે ચેક રીર્ટન થયા તેના ૦૧ મહિનાની અંદર ડિમાન્ડ નોટીસ મોકલેલ છે, જે નોટીસ આરોપીને બજી જતા આરોપીએ ૧૫ દિવસમાં પૈસા ન પરત કરતા ૦૧ મહિનાની અંદર ફરીયાદીએ હાલની ફરીયાદ દાખલ કરેલ છે એટલે ફરીયાદપક્ષ ધ્વારા હાલના કામે ધી નેગો. ઈન્સ્ટુ. એકટની કલમ–૧૩૮ સાબિત થવાના તમામ તત્વો સાબિત કરવામાં સફળ થાય છે. હવે ધી નેગો. ઈન્સ્ટુ. એકટની કલમ–૧૩૯ ધ્યાને લઈએ તો આરોપીએ જયારે ફરીયાદીને પોતાની સહી કરીને પોતાનો ચેક આપે છે તે ચેક કાયદેસરના લેણા પેટે આપેલ છે તેવું કોર્ટે માનવાનું હોય છે અને તે ચેક કાયદેસરના લેણા પેટે આપેલ નથી અને ફરીયાદીનું કાયદેસરનું લેણું નથી તે સાબિત કરવાની જવાબદારી આરોપી ઉપર રહે છે.

હાલના કામે આરોપીનું એફ.એસ. લેવામાં આવેલુ તેમાં આરોપીએ એવો બચાવ લીધેલ છે કે, કહેવાતો કોઇ ગુનો આરોપીએ કરેલ નથી. કહેવાતો કોઈ ગુનો આરોપીએ કરેલ નથી. પરંતુ ફરીયાદીની ઉલટ તપાસ પરથી પુરવાર થાય છે કે ૨૦૨૩ ના રોજના ચેકનો દુરુપયોગ કરી હાલની ફરીયાદ કરેલ છે. જેથી આરોપીને નિર્દોષ છોડી ઠરાવી મુકવા વિનંતી છે તેમજ આજ કોર્ટમાં બીજી ફરીયાદ આરોપી સામે આજ ફરીયાદીએ કરેલ છે તેનો કોઇ ઉલ્લેખ આ ફરીયાદમાં કરેલ નથી.

હવે આરોપીએ પોતાનો આ બચાવ સાબિત કરવા માટે ફરીયાદીની ઉલટતપાસ કરેલ જેમાં આરોપીએ ફરીયાદીને સદર ચેક તેઓએ સીકયુરીટી પેટે આપેલ હોવાનું જણાવેલ છે જેનો ફરીયાદીએ ઈન્કાર કરેલ છે. વધુમાં આરોપી પોતોજ તેઓની દલીલ માં જણાવે છે કે આ કામ ના ફરીયાદીએ નોટીસ મા યોગ્ય પ્રેયર માંગેલ નથી કે ચેક નંબર,ચેક તારીખ,બેંકનુ નામ કે ખાતા નંબર લખેલ નહોય નોટીસ કાયદેરસ ન હોય ફરીયાદ ટકવા પાત્ર નથી, સદર કામે આંક–૧૧ તથા આંક–૧૨ વાળી નોટીસ વંચાણે લેતા સદર નોટીસ માં ચેક નંબર,ચેક તારીખ,બેંકનુ નામ ,ખાતા નંબર યોગ્ય રીતે લખેલ હોવાનુ સ્પસ્ટ જણાય છે આરોપીએ ફરીયાદીને નાણાં પરત ચુકવ્યા અંગે ચેક આપેલ છે તેથી ફરીયાદીનું કાયદેસરનું લેણું છે તેવું પુરવાર થાય છે. હકીકત માં આરોપી પોતોજ તેઓની દલીલ માં જણાવે છે કે આ કામ ના ફરીયાદી એ જાતે યુ.કે જવાનુ માંડી વાળેલ પરંતુ ફરીયાદી ના વીઝા આવીગયેલ હોય અને ફરીયાદી એ જવાનુ માંડી વાળેલ હોય તેવુ બનેલ નથી આમ,ફરીયાદી નુ યુ.કે ના વીઝા મેળવી અપાવવાનુ કામ આકામ ના આરોપી દ્વારા થયેલ નથી. હવે ફરીયાદી પાસે આરોપીની સહી વાળો ચેક છે તે ચેકમાં આરોપીની સહી નથી તેવો આરોપીનો કોઈ બચાવ નથી. વધુમાં આ કામ ના ફરીયાદી દ્રરા આરોપી સામે અન્ય ચેક પરત ફરવા અંગેની હકીકત હાલ ની ફરીયાદ માં નહિ જણાવવાથી હાલ ની ફરીયાદ ખોટી છે તેવુ સાબિત થતુ નથી, તેમજ ફરીયાદપક્ષની આરોપીપક્ષ ધ્વારા જે લંબાણપૂર્વકની ઉલટતપાસ કરેલ જેમાં આરોપીપક્ષને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત મળી આવતી નથી. વધુમાં આ કામ ના આરોપી ધ્વારા એવો કોઇ પુરાવો રજુ કરેલ નથી કે જ્યારે હાલ ની ફરીયાદ વાળા ચેક નુ સ્ટોપ પેમેન્ટ કરાવેલ ત્યારે આરોપીના ખાતા માં પુરતુ ભંડોળ ઉપલ્બધ હતુ, આં અંગે નામદાર સુપ્રિમ કોર્ટ ધ્વારા વિવિધ ચુકાદામા જણાવેલ છે કે " **PAYMENT STOPPED BY**

DRAWER'' ના કારણે પણ ચેક પરત ફરેલ હોય તો પણ નેગોશીએબલ ઈન્સટ્રુમેન્ટો એક્ટ મુજબ નો ગુનો બને છે આ અંગેના ચુકાદા જોઈએ તો ...

(1) **<u>M/S Laxmi Dyechem v. State of Gujarat (2012):</u> The Supreme Court ruled that dishonour due to stop payment instructions attracts Section** 138**, even if the drawer had sufficient funds in their account**. **The court stated that allowing drawers to easily escape liability simply by stopping payment would undermine the credibility of commercial transactions**.

(2) **M**.**M**.**T**.**C**. **Ltd**. **v**. **Medchl Chemicals** & **Pharma** (**P**) **Ltd**. (2002): **The Supreme Court affirmed that a stop payment cheque is considered a** "**cheque bounce**" **if it was issued for a valid debt and is returned by the bank unpaid**.

(3) **Modi Cements Ltd**. **v**. **Kuchil Kumar Nandi** (1998): **The Supreme Court settled that a stop payment instruction—whether issued after presenting the cheque or before it—constitutes dishonour under the NI Act**.

આમ, આરોપીપક્ષ નેગોશીયેબલ ઈન્સટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ માં જણાવ્યા મુજબના અનુમાનનું ખંડન કરવામાં નિષ્ફળ જાય છે.

આમ ફરીયાદપક્ષ ધી નેગો. ઈન્સ્ટ્રુ. એકટની કલમ–૧૩૮ ના તમામ આવશ્યક તત્વો સાબિત કરવામાં સફળ થાય છે, જયારે આરોપીપક્ષ ધી નેગો. ઈન્સ્ટ્રુ. એકટની કલમ–૧૩૯ માં આપેલ અનુમાનો કે ચેક કાયદેસરના લેણા પેટે આપેલ હોવો જોઈએ તે અનુમાનનું

ખંડન કરવામાં આરોપીપક્ષ નિષ્ફળ જાય છે તેમજ **આંક–૦૯** નો ચેક આરોપીએ ફરીયાદીને કાયદેસરના દેવાની ચુકવણી પેટે આપેલ અને તે ચેક ''**PAYMENT STOPPED BY DRAWER**'' ના શેરા સાથે પરત ફરેલ હોવાનું સાબિત થતું હોવાથી મુદદા નં.૧ નો જવાબ '' **હકારમાં** '' આપી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

– :: આખરી હુકમ :: –

(૧) આથી, આ કામના આરોપી **પિયુષભાઈ ભાસ્કરભાઈ પટેલ.** ઉ.વર્ષ.૪૨, ધંધો.નોકરી.રહે, ભુદરજીની ખડકી, સોજીત્રા, તા. સોજીત્રા, જી. આણંદ. નાઓને બી.એન.એસ.એસ.ની કલમ–૨૭૮(૨) અન્વયે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ ની કલમ–૧૩૮ મુજબના ગુન્હામાં શિક્ષાને પાત્ર ગુન્હામાં દોષિત ઠરાવી **એક વર્ષની** સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીને રૂા.૧૦,૦૦૦/–(અંકે રૂપીયા દસ હજાર પુરા) નો દંડ કરવામાં આવે છે. તેમજ બી.એન.એસ.એસ.ની કલમ–૩૯૫(૩) અન્વયે **રૂા. ૫,૯૦,૦૦૦/– (અંકે રુપીયા પાંચલાખ નેવુ હજાર)** ફરીયાદીને વળતર પેટે દીન ૩૦ માં ચુકવવાનો હુકમ કરવામાં આવે છે, આરોપી વળતરની રકમ ચુકવવામાં નિષ્ફળ જાય તો વધુ **૧ માસની** સાદી કેદની સજા અલગથી ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આરોપી કેસની ટ્રાયલ ચાલતાં સમય દરમ્યાન કાચા કામના કેદી તરીકે જો કોઈ સમય જેલમાં ગાળેલ હોય તો તેટલો સમય મજરે આપવો.

(૪) આરોપીને બી.એન.એસ.એસ.ની કલમ–૪૦૪(૧) મુજબ હુકમની સર્ટીફાઈડ નકલ પુરી પાડવી.

આ હુકમ આજ રોજ તારીખ– ૨૯, માહે– મે, સને–૨૦૨૬ ના રોજ વાંચી સંભળાવી મારી સહી કરી ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા.૨૯/૦૫/૨૦૨૬ **(અમીતકુમાર કિરીટભાઈ શાહ)**
ખંભાત. એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, ખંભાત.
જજ કોડ નં. જી.જે. ૦૧૨૬૬

સ્ટેનો–એ.ડી.રાઠોડ,